ગાંધીનગર સમાચાર

## જન્મદિને વધામણી


દક્ષાબેન એમ ભટ્ટ
મો. ૯૭૨૫૭ ૬૫૬૬૪


દિવ્યાબેન એ પંડ્યા


પ્રિયા માનિક
પૂર્વ પ્રમુખ
લાયોનેસ કલબ, ગાંધીનગર


મિત્તલબેન અશોકકુમાર ઠાકોર
મો. ૯૭૧૪૬ ૬૫૬૧૮


કુસુમબેન કે દેસાઈ
ફોન : ૨૩૨૨૫૭૩૧


મિત્તલબેન અશોકકુમાર ઠાકોર


હેત રાઠોડ


દિપ સંજયભાઈ પટણી
મો. ૯૯૦૯૭ ૧૭૮૨૧


યશરાજસિંહ ભરતસિંહ બિહોલા
મો. ૮૭૩૨૯ ૨૦૦૩૧

# માયાભાઈએ ભાવકોને લોકસાહિત્યની માયા લગાડી








શ્રી ભુવનેશ્વર યુવક મંડળ દ્વારા ભુવનેશ્વર મહાદેવ મંદિર, સૅક્ટર-૬ ખાતે આયોજિત ગણેશ મહોત્સવ અંતર્ગત ગુજરાતના જાણીતા કલાકાર માયાભાઈ આહિરના લોક ડાયરાનું આયોજન મંગળવારે રાત્રે કરવામાં આવ્યું હતું. ગુજરાત અને સૌરાષ્ટ્રની ધિંગી ધરાની લોકવાતોને આગવી શૈલીમાં રજૂ કરતા માયાભાઈ આહિરે ઉપસ્થિત દર્શકોને જકડી રાખ્યા હતા અને એમની ભરપૂર પ્રશસ્તિ પ્રાપ્ત કરી હતી. ઝવેરચંદ મેઘાણી સર્જિત શૌર્યકથાઓ, હમીરસિંહજી ગોહિલ, સોમનાથ મહાદેવની વાયકા, ભુરેશ-ભુરીયાની વ્યંગ વાતો, ગાયો અને પશુઓની મહત્તા જેવી અવનવી વાતો એમણે પિરસી હતી અને લોકસાહિત્યની સાથે-સાથે ભરપૂર હાસ્યરસની પણ જમાવટ કરી હતી. મોટી સંખ્યામાં ભાવકો એમને સાંભળવા માટે ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે ગણેશજીની આરતી શેષનાગના રૂપ અને ૮૫૧ દીપ સાથે ઉતારવામાં આવી હતી, જેના કારણે વાતાવરણ દિવ્ય બની ગયું હતું.

## ડાયરેક્ટ ❤ સે

ચપ્પુ, છરી, તીર, તલવાર વિવાદમાં ઊતર્યા. મુદ્દો હતો : કોણ સૌથી ઊંડો ઘા આપે?
ત્યારે શબ્દ ચૂપચાપ બેઠો-બેઠો મંદ-મંદ મલકી રહ્યો હતો.

## મનોરંજન

### સિટી પલ્સ

**સ્ક્રીન-૧**
બાર બાર દેખો
૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૧૦.૦૦

**સ્ક્રીન-૩**
બાર બાર દેખો
૨.૦૦, ૫.૦૦, ૮.૦૦

**સ્ક્રીન-૪**
એક કહાની જુલી કી (એ)
૧૦.૦૦, ૧૨.૩૦
રોંગ સાઈડ રાજુ (ગુજરાતી)
૬.૩૦
તુ તો ગયો (ગુજરાતી)
૩.૩૦. ૯.૩૦

**સ્ક્રીન-૫**
બાર બાર દેખો
સવારે ૧૦.૦૦
અકિરા
૧.૦૦, ૭.૦૦
ફ્રિકી અલી
૪.૦૦, ૧૦.૦૦

# શ્રી પ્રતાપસિંહજી હિન્દી વિદ્યાલય દ્વારા હિન્દી દિવસની ઉજવણી

ગાંધીનગર, તા. ૧૪

શ્રી પ્રતાપસિંહજી હિન્દી વિદ્યાલય ખાતે બુધવારે રાષ્ટ્રભાષા હિન્દી દિવસની ઉજવણી માટે સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓમાં રહેલી શક્તિઓને બહાર લાવી તેમના વ્યક્તિત્વ વિકાસ માટે, આત્મિક બળ વધારવા માટે આ સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં કુ. પરિહાર અને અંજુ દ્વારા પ્રાર્થના નૃત્ય, સ્વાગત નૃત્યની પ્રસ્તુતિ કરવામાં આવી હતી. મહેમાનોનું શાબ્દિક સ્વાગત આચાર્ય યુવરાજસિંહ વાઘેલાએ કર્યું હતું.

આ પ્રસંગે સમારોહના અધ્યક્ષ સ્થાને રાષ્ટ્રભાષા પ્રશિક્ષણ કેન્દ્ર, ભોપાલના મુખ્ય પ્રબંધક રામવિલાસ ત્રિપાઠી તથા શાળાના ટ્રસ્ટી અર્જુનસિંહ અને શોભનાબા વાઘેલા વાઘેલા ખાસ ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે શૈક્ષણિક રમતગમત અને સાંસ્કૃતિક સિદ્ધિઓ પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીઓને પ્રમાણપત્રો અને સ્મૃતિ ચિહ્નો અર્પણ કરવામાં આવ્યાં હતાં. શાળાનાં શિક્ષિકા તુલસી ચૌહાણ અને ઉર્મિલાજીએ વિદ્યાર્થીઓને સંબોધિત કર્યા હતા. રામવિલાસ ત્રિપાઠીએ હિન્દી દિવસના ઉપલક્ષમાં દેશમાં હિન્દી ભાષાના પ્રચાર-પ્રસાર માટે તન, મન અને હકારાત્મક વિચારોથી કાર્યાન્વિત થવા અને કાર્યથી સફળતા પ્રાપ્તિની વિધિ જણાવી હતી તથા ઑર્ડિનરીમાંથી ઍક્સ્ટ્રા ઑર્ડિનરી બનવાની વાત કરી હતી.

યુવરાજસિંહ વાઘેલાએ જણાવ્યું હતું કે એ એક સનાતન સત્ય છે કે કોઈપણ રાષ્ટ્રની ઓળખ તેની રાષ્ટ્રભાષા છે. સૌપ્રથમ આપણે ભારતીય છીએ અને ભારતીય તરીકે ઓળખ રાષ્ટ્રભાષા હિન્દી સિવાય કોણ આપી શકે?

તેમણે વિદ્યાર્થીઓ પાસે રાષ્ટ્રભાષા હિન્દીને સશક્ત બનાવવાની પ્રતિજ્ઞા લેવડાવી હતી. તેમણે વધુમાં જણાવ્યું હતું કે ગાંધીજી રાષ્ટ્રભાષા હિન્દીના પ્રચાર અને પ્રસારના પ્રખર હિમાયતી હતા.

ટ્રસ્ટી શોભનાબા વાઘેલાએ આભારવિધિ કરી હતી. કાર્યક્રમના ઉદ્‌ઘોષક તરીકે મોતીસિંહ સુરાવતે સેવા આપી હતી. કાર્યક્રમનું સફળ સંચાલન શાળાના વિદ્યાર્થીઓ અને શિક્ષકો દ્વારા કરવામાં આવ્યું હતું.

# પ્રેરણા વિદ્યાલયમાં હિન્દી દિવસ ઉજવાયો




પ્રેરણા વિદ્યાલય, સૅક્ટર-૫ એ ખાતે હિન્દી દિવસની ઉજવણી ઉત્સાહપૂર્ણ વાતાવરણમાં કરવામાં આવી હતી. હિન્દી પ્રસારણ સમિતિના વિક્રમસિંહ રાજપૂત અને ભરતભાઈ જોષી આ પ્રસંગે ઉપસ્થિત રહ્યા હતા. તેમણે વિદ્યાર્થીઓ સમક્ષ હિન્દી ભાષાના મહત્ત્વ અંગેની વિગતવાર વાત રજૂ કરી હતી. ટ્રસ્ટી પ્રદિપસિંહ બિહોલા તથા આચાર્ય મનીષભાઈ ખત્રીએ પણ બાળકો સાથે પ્રાસંગિક વાત કરી હતી.

# સૅક્ટર-૫ સી ગણેશ મહોત્સવમાં પ્રજ્ઞા ચક્ષુ બાળકોએ મહેફિલ સજાવી



ગાંધીનગર, તા. ૧૪

ગણપતિ યુવક ઉત્સવ સમિતિ, સૅક્ટર-૫ સી આયોજિત ગણેશ મહોત્સવમાં ગાંધીનગરના ચરિત્ર અભિનેતા તથા પ્રિશા આર્ટ ફાઉન્ડેશનના પ્રમુખ હસમુખ મૅકવાનના વિશેષ સહયોગ દ્વારા અંધશાળા, સૅક્ટર-૧૬ના પ્રજ્ઞા ચક્ષુ બાળકોનો ગીત-ગુંજનનો અનોખો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. ઘનશ્યામભાઈએ અંધ શાળાનો પરિચય આપ્યો હતો અને હસમુખ મૅકવાને કાર્યક્રમ અંગેની ભૂમિકા પ્રસ્તુત કરી હતી.

પ્રજ્ઞા ચક્ષુ બાળકોએ ગીતો, ભજન, દેશભક્તિ ગીતો, સુગમ સંગીતની એવી તો રમઝટ બોલાવી હતી કે પ્રેક્ષકો વાહ પોકારી ગયા હતા અને અનેક ભાવકોએ આ કલાકાર બાળકો માટે આર્થિક સહાયનો ધોધ વહાવ્યો હતો.

સૌ કલાકાર બાળકોને શાળાના સંગીત શિક્ષક તેજસ પરમારે તાલીમ આપીને તૈયાર કર્યા હતાં. પોપટલાલ પ્રજાપતિએ પ્રવક્તા તરીકે કાર્યક્રમને રસવાહી બનાવી રાખવામાં મહત્ત્વની ભૂમિકા ભજવી હતી. કાર્યક્રમના અંતે યુવક મંડળના અગ્રણી હિતેશભાઈ રાવલે આભાર દર્શન કર્યું હતું.

# રાષ્ટ્રીય કૃમિનાશક દિન ઉજવાયો



ગાંધીનગર, તા. ૧૪

તાલુકા હેલ્થ ઓફિસ વિરમગામ સંલગ્ન વિવિધ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર તથા અર્બન હેલ્થ સેન્ટરના અધિકારી કર્મચારીઓ દ્વારા ૧૪ સપ્ટેમ્બર ૨૦૧૬ના રોજ "રાષ્ટ્રીય કૃમિનાશક દિન" ની ઉજવણી કરવામાં આવી હતી. આરોગ્ય કર્મચારીઓ દ્વારા વિરમગામ તાલુકામાં ૧ થી ૧૯ વર્ષના લોકોને એક સાથે કૃમિનાશક ટેબલેટ ગળાવવામાં આવી હતી અને માર્ગદર્શન આપવામાં આવ્યુ હતુ. તાલુકા હેલ્થ ઓફિસર ડો.વિરલ વાઘેલા, ટીઆઈઈસીઓ એસ.એલ.ભગોરા, નીલકંઠ વાસુકીયા, જયેશ પાવરા, તાલુકા ફિ.હે.સુ. ગૌરીબેન મકવાણા સહિત વિવિધ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના મેડિકલ ઓફિસર દ્વારા સપોર્ટીવ સુપરવીઝન કરવામાં આવ્યુ હતુ. વિરમગામના તાલુકા હેલ્થ ઓફિસર ડો.વિરલ વાઘેલાએ જણાવ્યુ હતુ કે, ૧૪ સપ્ટેમ્બર ૨૦૧૬ના રોજ "રાષ્ટ્રીય કૃમિનાશક દિન" ની ઉજવણીના ભાગ રૂપે વિરમગામ તાલુકાના ૧ થી ૧૯ વર્ષની વય જુથના આંગણવાડી, પ્રાથમિક શાળા, માધ્યમિક શાળા, શાળામાં જતા કે શાળામાં ન જતા લોકોને એક જ દિવસે ઉંમર પ્રમાણે કૃમિનાશક ટેબલેટ ગળાવવામાં આવી હતી. કૃમિનાશક ગોળી કૃમિથી થતા ચેપ સામે રક્ષણ આપે છે. ભારત સરકાર દ્વારા બાળકોને વિટામીન-એ ના રાઉન્ડની સાથે કૃમિનાશક ટેબલેટ વર્ષમાં બે વખત આપવામાં આવે છે.

# ઍન્જિનીયરિંગ ક્ષેત્રના વિકાસથી રાષ્ટ્ર વિકાસના પ્રણેતા : સર એમ. વિશ્વેશ્વરૈયા

ભારતના મહાન ઈજનેર, એન્જિનિયરિંગ ક્ષેત્રના જાદુગર અને ભારત રત્ન સર મોક્ષગુંડમ વિશ્વેશ્વરૈયા કે જેમની સિદ્ધિઓ અને યોગદાનને સન્માનવા માટે તેમના જન્મદિવસ ૧૫ સપ્ટેમ્બરને ભારતમાં 'એન્જિનિયર ડે' મનાવવામાં આવે છે. જટિલ એન્જિનિયરિંગ સમસ્યાઓને ઉકેલી તેને આધારે રાષ્ટ્રનો વિકાસ કઈ રીતે કરી શકાય તે વિશે સતત વિચારતા રહેતા વિશ્વેશ્વરૈયાની પ્રતિભા અને એન્જિનિયરિંગ ક્ષેત્ર પ્રત્યેનો તેમનો રસ ભારત માટે દેશભકિતની ભાવના સાથે જોડવામાં આવ્યા હતા.

વિશ્વેશ્વરૈયા આંધ્રના કૂરનૂલ જીલ્લાના મોક્ષગુંડમ ગામમાં બ્રાહ્મણ કુટુંબમાં શ્રીનિવાસ શાસ્ત્રીને ઘરે ૧૮૬૧ના સપ્ટેમ્બરની ૧૫મી તારીખે જન્મેલા વિશ્વેશ્વરૈયા ભણવામાં હોશિંયાર હતાં. પિતાના અવસાન બાદ તેઓ માતા સાથે બેંગ્લોર તેમના મામાને ઘરે રહી સેન્ટ્રલ કોલેજમાં પ્રવેશ મેળવ્યો. ઘરની જવાબદારી તેમના શિરે હતી. ભણતાં ભણતાં તેઓ ફુરસદના સમયમાં ટ્યુશન કરાવતા. પૂનાની વિજ્ઞાન કોલેજમાં જ એન્જિનિયરીંગના અભ્યાસમાં પ્રથમ આવતાં બોમ્બે સરકાર દ્વારા પબ્લિક વર્કસ ડિપાર્ટમેન્ટમાં મદદનીશ ઈજનેર તરીકે તેમને કોઈપણ ઈન્ટરવ્યુ લીધા વગર સીધી નોકરી આપી દેવામાં આવી. નોકરીની શરૂઆત નાસિકથી કરી. આત્મવિશ્વાસથી ભરપૂર એવા વિશ્વેશ્વરૈયાની ફરજ પ્રત્યેની નિષ્ઠા અને ઈજનેરી વિધ્યાની સંપૂર્ણ જાનકારીને લીધે તેઓએ સિંચાઈ, જાહેર બાંધકામ, ગટર અને પાણી પુરવઠા વિભાગ, સ્વચ્છતા વિભાગ જેવા ખાતાઓમાં નિષ્ઠાપૂર્વક ફરજ બજાવીને મુંબઈ રાજયના સુપ્રિટેન્ડીંગ ઈજનેર બન્યા. તેઓ એક્વાર કુતુબમિનાર જોવા ગયા તે સમયે એક આઈ.સી.એસ. અધિકારી કિંકેડ પણ કુતુબમિનાર જોવા આવેલ. વિશ્વેશ્વરૈયા સાથે તેમની મુલાકાત દરમિયાન તે આઈ.સી.એસ. અધિકારીએ બીજો આવો જ કુતુબમિનાર બનાવવા માટેનો ખર્ચ પૂછતાં તરત જ કાગળ પેનથી ગણતરી કરી બતાવ્યું કેઃ '૧૪ લાખ રૂપિયા આપો, તો બીજો કુતુબમિનાર બનાવી આપું.' આ હતી તેમની ઈજનેરી વિષયની જાણકારી ઉડું જ્ઞાન.



મોટા શહેરોમાં રસ્તાઓનું આયોજન, સરકારની મોટી ઈમારતો, ધારવાડ, બેલગામ, બીજાપુર માટે પાણી પુરવઠાની યોજનાઓ, સિંધમાં બંધ અને એડનમાં ગટરની વ્યવસ્થા એવી તો અદભુત કરી કે તેના દ્વારા તે વિશ્વમાં જાણીતા બન્યા. ખડકવાસલા ડેમ ઉપર પાણીના લેવલ પ્રમાણે ઉઘાડ બંધ થતા સ્વંયસંચાલિત દરવાજા મૂક્યા તે તેમની નવી શોધ હતી. તેનાથી છ ટકા જેટલું પાણી વધુ એકઠું થવા લાગ્યુ. તેમની આ પેટન્ટ ડિઝાઈન માટે રોયલ્ટી સ્વરૂપે એક રિકરિંગ આવક સરકારે આપવાનું નક્કી કર્યુ પણ તેમણે તેનો ઈન્કાર કર્યો અને તે નાણા વિકાસલક્ષી પ્રોજેક્ટો માટે વાપરવા જણાવ્યું.

૧૮૯૫ થી ૧૯૦૫, તેમણે ભારતના જુદા જુદા વિસ્તારોમાં કામ કર્યું. હૈદરાબાદમાં ડ્રેનેજ સિસ્ટમ સુધારો કર્યો તો મુંબઈમાં તેમણે સિંચાઈ અને પૂરથી બચવા માટે બ્લોક સિસ્ટમ રજૂ કરી હતી. બિહાર અને ઓરિસ્સામાં તેમણે રેલવે, બિલ્ડિંગ, પુલ અને પાણી પુરવઠા યોજનાઓ અને મૈસુર ખાતે તેમણે એશિયાના સૌથી મોટી ડેમ કૃષ્ણરાજ સાગર બંધ અને ગ્વાલિયરમાં ટિગરા બંધમાં સ્વંયસંચાલિત દરવાજા મૂક્યા તેથી પાણીનો પૂરવઠો અને આયુષ્ય તો વધ્યાની સાથે સાથે તુટવાનું જોખમ ઘટ્યું. ભારતમાં મોટરગાડી બનાવવાનું કારખાનું પ્રીમીયર ઓટો મોબાઈલ કંપનીની સ્થાપના તેમના પ્રયત્નોને આભારી છે. બેંગલોરમાં ભારતીય વિજ્ઞાન સંસ્થાના અધ્યક્ષ રહી તેમાં ઔધોગિક અને ઈલેક્ટ્રિકલ એન્જીનિયરીંગના વિષયો દાખલ કરી તેનો સિલેબસ અને પાઠ્યપુસ્તકો તૈયાર કરાવ્યા. ભદ્રાવતીમાં તાતા આયર્ન અને સ્ટીલ કારખાનાના તેઓ ૨૮ વર્ષ સુધી ડાયરેક્ટર રહ્યા.

૧૯૦૮માં મૈસૂરમાં વડાપ્રધાન પદના સમકક્ષનું દિવાનનું પદ પામ્યા. મૈસૂરની વિકાસ યોજનાઓ સંપૂર્ણ જવાબદારી સોંપવામાં આવી. તેમના દિવાન તરીકેના કાર્યકાળ દરમિયાન કૃષિ, સિંચાઈ, ઔદ્યોગિકરણ, શિક્ષણ, બેંકિંગ અને કોમર્સ જેવા ક્ષેત્રોમાં મુખ્ય પરિવર્તન આવ્યું. અસહકારના આંદોલન વખતે ગાંધીજી, માલવિયા જેવા મોટા ગજાના નેતાઓ સાથે વિશ્વેશ્વરૈયાએ પ્રવચન કરતાં જણાવ્યું કે '...બહુ બહુ તો મને આ દુનિયામાંથી વિદાય કરશે. હું આ દુનિયા છોડવા માટે તૈયાર છું...પણ ભારતની આજાદ હવાનો શ્વાસ લીધા પછી...ભારત સ્વતંત્ર થશે... પછી હું આ દુનિયાનો ત્યાગ કરીશ.' આ તેમની વાણી સાચી પડતી હોય તેમ ૧૯૬૨ની ૧૪મી એપ્રિલના રોજ સો વર્ષ જીવી આ દુનિયામાંથી વિદાય લીધી. સૈનિક સન્માન સાથે તેમની અંતિમ વિધી તેમની ઈચ્છાનુંસાર તેમના ગામ મુદનેહલ્લી ખાતે કરવામાં આવી.

એન્જિનિયરિંગમાં તેમના યોગદાન માટે ૧૯૫૫માં તેમને ભારતનું સર્વોચ્ચ નાગરિક બહુમાન, ભારત રત્ન આપવામાં આવ્યું.

ભારતના આર્થિક આયોજનના પુરોગામી તરીકે ઓળખાતા વિશ્વેશ્વરૈયા એકલા એન્જિનિયરિંગ અને વ્યાવસાયિક કુશળતાની બાબતોમાં જ રસ નથી લીધો પરંતુ રાષ્ટ્રના વિકાસ સાથે જોડાયેલ ઘણી એવી બાબતો હતી કે જેના માટે તેઓ સક્ષમ હતા. 'Planned Economy fro India and Reconstructing India' દેશના આયોજન ઉપરના પ્રયત્નો ઉપરનો દસ્તાવેજ આજે પણ આર્થિક આયોજકો માટે માર્ગદર્શક તરીકે ઉપયોગી છે. વિશ્વેશ્વરૈયાજીનો એક પ્રસંગ ખૂબ રસપ્રદ છે. એક વખત રેલવેની મુસાફરી દરમ્યાન રેલગાડીના અવાજને ધ્યાનથી સાંભળીને વિશ્વેશ્વરૈયાજીને ટ્રેક પરની નુકસાનીનો અંદાજ પહેલેથી જ આવી ગયો ને એમણે તત્કાળ સાંકળ ખેંચીને ટ્રેન થોભાવી દીધી. ગાર્ડે કારણ પૂછતાં તેમણે જણાવ્યું કે આગળ ટ્રેકમાં નુકસાન પહોંચ્યું છે. ગાર્ડે તપાસ કરી તો ખરેખર અડધા કિમી દૂર ટ્રેકને નુકસાન પહોંચેલું હતું. ગાર્ડે તેમનું નામ પૂછ્યું, જે સાંભળ્યા પછી સૌ એમને વંદન કરવા લાગ્યા!

**- સતીષદાન ચારણ અને કિરીટ બી ત્રિવેદી**

## વાચકોને આમંત્રણ

### 'સંવેદના' વિભાગમાં સ્વાનુભવો લખવા

લેખકો, વાચકોનું પ્રિય અને ગાંધીનગરનું પ્રથમ દૈનિક સમાચારપત્ર 'ગાંધીનગર સમાચાર' ખાસ લખવા માગતા વાચકો માટે સંવેદના વિભાગ શરૂ કરી ચૂક્યું છે અને આ માટે લખવા સૌને આમંત્રણ આપે છે. આ વિભાગ અંતર્ગત દર માસે અલગ-અલગ વિષયો આપવામાં આવે છે, જે માટે વાચકોએ લખાણ મોકલવાનું હોય છે. વિભાગ દર સોમવારે પ્રકાશિત કરવામાં આવે છે. કોઈપણ વાચક આ લખાણ મોકલી શકે છે, જે તેના નામ સાથે પ્રકાશિત કરાશે. હા, લખાણની લંબાઈ અને ઍડિટિંગનો અધિકાર અખબાર અબાધિત રાખે છે. વાચકોને વિનંતી છે કે શબ્દોની મર્યાદા ૧૫૦ સુધી રાખવામાં આવે. આ વખતનો વિષય છે :

**'મારું વતન - વહાલું વતન'**